# એક જ રાતમાં ત્રણ દુકાનો અને ત્રણ મંદિરોના તાળા તુટ્યા

## ચિલોડા પાસેના ત્રણ મંદિરોની દાનપેટી તોડી અંદાજે ૧૨ હજાર રોકડા ઉઠાવી ગયા : સે. ૨૮ મધુર પાર્લરમાંથી ૪૫ હજાર રોકડા તથા સે. ૧૧ની બે દુકાનોમાં ચોરીના પ્રયાસ

ગાંધીનગર, તા. ૫

એક તરફ મોટા ભાગના જિલ્લાઓની પોલીસને વાઈબ્રન્ટ બંદોબસ્ત માટે ગાંધીનગર ખડકી દેવાઈ છે. જેમાં પોલીસ વાઈબ્રન્ટ બંદોબસ્તમાં વ્યસ્ત છે. તેની સામે તસ્કરો ચોરીમાં મસ્ત છે. અને પ્રજાની દયનિય સ્થિતિ જબરદસ્ત છે. તસ્કરો દરરોજ કોઈ ને કોઈ વિસ્તારને ટાર્ગેટ બનાવી હાથફેરો કરી પોલીસને લલકાર ફેંકી રહ્યા છે. ગઈ રાત્રી દરમ્યાન શહેરમાં ત્રણ દુકાનો તથા શહેરને અડીને આવેલા ચિલોડા પંથકમાં ત્રણ મંદિરોને નિશાન બનાવી તાળા તોડવામાં સફળ રહ્યા હતા. જો કે એક દુકાનમાં ચોરી કરતા સીસીટીવી કેમેરામાં ચોરો કેદ થઈ ગયા છે.

શહેરના સેક્ટર-૨૮ ખાતે સ્થિત મધુર પાર્લર ગઈ રાત્રે ૧૦.૩૦ વાગ્યે બંધ કરી આજે સવારે પાર્લર ખોલ્યુ ત્યાં સુધીમાં તસ્કરો પાર્લરનું તાળુ તોડી અંદરથી કેશ ડ્રોઅરમાં હાથફેરો કરી નાખ્યો હતો. ડ્રોવરમાંથી રૂ. ૪૫ હજાર રોકડા ઉઠાવી તસ્કરો સરળતાથી સરકી ગયા હતા. આ બનાવ અંગે સે. ૨૧ પોલીસે હિતેશસિંહ નટવરસિંહ ચાવડાની ફરીયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ સેક્ટર-૧૧ના વિજય કોમ્પલેક્ષમાં બબ્બે દુકાનોના તાળા તસ્કરોએ ગઈ રાત્રે જ તોડ્યા હતા. સ્ટાર એન્ટર પ્રાઈઝનું તાળુ તોડી અંદરથી છુટક રોકડ રૂપિયા મળતા તે ઉઠાવી બાજુની આશિર્વાદ ગેસ એજન્સીને નિશાન બનાવવામાં આવી હતી. શટર તોડીને અંદર ઘુસેલા તસ્કરોએ એજન્સીના ડ્રોઅરના લોક પણ તોડ્યા, પરંતુ કાંઈ મળી આવ્યુ ન હતુ. આ જગ્યાએ કેમેરામાં તસ્કરો કેદ થઈ ગયા છે. જો કે પોલીસ મથકે બંને ચોરી અંગે ગુનો નોંધાવા પામ્યો નથી.

તે ઉપરાંત ચિલોડા ગામમાં તળાવ પાસે સ્થિત બળીયાદેવના મંદિરે તથા બહુચરાજી મંદિરે અને સધીમાતાના મંદિરે એમ ત્રણ મંદિરોને પણ ટાર્ગેટ બનાવી હાથફેરો કર્યો હતો. મંદિરોમાંથી ચાંદીના આભુષણો તથા દાનપેટીમાંથી રોકડ મળી અંદાજે ૧૨ હજારની મત્તા સાફ કરી તસ્કરો અંધારામાં ઓગળી ગયા હતા.




## મચ્છરોની ઉત્પત્તિને નાથવા ૧૧ ફોગીંગ મશીનો રોજ વપરાય છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં વાહકજન્ય રોગચાળો મહાત્મા મંદિર કે હેલિપેડ ગ્રાઉન્ડ પર દેખા ન દે તે માટે રોજ ૧૧ જેટલા ફોગીંગ મશીનોથી ખાસ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેર વાહક જન્ય રોગચાળા માટેના એલર્ટ શહેરોની યાદીમાં છે ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ માટે એક મોટુ ફોગીંગ મશીન જે જીપમાં ફીટ કરાયેલુ છે તે મહાત્મા મંદિરની આસપાસના વિસ્તારોમાં તેમજ જાહેર માર્ગો પર ફરી અને ફોગીંગની કામગીરી કરે છે.

આ ઉપરાંત ૧૦ જેટલા અન્ય ફોગીંગ મશીનોથી હેલિપેડ વિસ્તાર, ડોમ તેમજ મહાત્મા મંદિરની અંદરના વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ ફોગીંગની કામગીરી રોજેરોજ કરવામાં આવી રહી છે. જો કે તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વિસ્તારમાં હાલ કોઈ મચ્છરો છે નહિ પણ તંત્ર કોઈ જ ચૂક રાખવા માગતુ નથી.

ગાંધીનગર શહેરમાં જો કે છુટા છવાયા કેસો ડેન્ગ્યુના અને સાદા મેલેરિયાના જોવા મળ્યા છે. જો કે તંત્ર પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવતાં એવો દાવો કરે છે કે અગાઉના વર્ષો કરતાં ઘણા ઓછા કેસ ગત વર્ષે નોંધાયા છે.

## આજથી ગાંધીનગરમાં નવોદિત વાર્તાલેખન કાર્ય શિબિર યોજાશે

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષામાં નવોદિત વાર્તાકારોને માર્ગદર્શન મળે તે માટે તા. ૬ થી ૮ જાન્યુઆરી દરમ્યાન ત્રિદિવસીય નવોદિત વાર્તા-લેખન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્ય શિબિર ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે યોજાશે. જેમાં જાણીતા વાર્તાકાર અને વાર્તા માસિક 'મમતા'ના સંપાદક મધુરાય ઉપસ્થિત રહેશે.

આ શિબિર માટે ૨૯ જેટલા નવોદિત વાર્તાકારોને પસંદ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શિબિરમાં મહેમાન વક્તા તરીકે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ જાણીતા વાર્તાકારો કિરીત દુધાત અને બિપીન પટેલ, તા. ૭મી જાન્યુઆરીએ મોહન પરમાર તેમજ તા. ૮મી જાન્યુઆરીએ પન્ના ત્રિવેદી ઉપસ્થિત રહેશે.




શહેરમાં ઠેર-ઠેર વધી રહેલા વ્યસનોને નાબુદ કરવાના નેક આશયથી નગરના યુવાઓએ 'યુથ વેવ' નામક સંસ્થા દ્વારા સેક્ટર-૨૮ પાસે ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમિકોને તમાકુ, સિગારેટ, દારૂ તેમજ વિવિધ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા ચિત્રો દ્વારા સમજ આપવામાં આવી હતી. તેમજ જીવનમાં હંમેશા વ્યસનથી દૂર રહી બીજાને પણ આ ભયાનક દૂષણોથી દૂર રહેવા શપથ લેવડાવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# વાહનોની અવરજવર બંધ કરાતા સામાન્ય પ્રજાને ભારે હાલાકી પડશે

ગાંધીનગર, તા. ૫

પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટને પગલે શટલ જીપો-રીક્ષાઓ અને અન્ય ખાનગી વાહનોની અવરજવર ગાંધીનગરમાં બંધ કરાવવામાં આવી રહી હોવાથી સામાન્ય પ્રજાજનોને આ દિવસો દરમ્યાન ભારે હાલાકી ભોગવવી પડશે. શાળાએ જતાં બાળકો અને ઓફિસે જતાં કર્મચારીઓને તકલીફ પડશે તેવી ચર્ચા આજે નગરમાં થતી જોવા મળી હતી.

આગામી દિવસોમાં પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગરમાં વાહનોની અરવજવર પર પ્રતિબંધ લાદી દેવાયા છે. જ, ચ, ઘ જેવા મુખ્ય માર્ગો ઉપરાંત ગ અને ખ રોડ પર પણ વાહનો માટે પ્રતિબંધિત છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ફરતી શટલ જીપો અને રીક્ષાઓ બંધ કરી દેવાતા ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા કર્મચારીઓ વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જીપો-રીક્ષાઓ બંધ કરી દેવાઈ છે, પરંતુ મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની બસો શરૂ ન કરાતા બસોમાં મુસાફરોની ભારે ભીડ રહે છે. વળી ઠેર ઠેર વાહનોનું ચેકીંગ કરવામાં આવતા વસાહતીઓ પોતાનુ વાહન લઈને ગાંધીનગરની બહાર જતા અચકાઈ રહ્યા છે. વાહનોની અવર જવરને પગલે ઘણા સ્થળોએ ડાયવર્ઝન અપાયુ હોવાથી વસાહતીઓ મુંઝાઈ રહ્યા છે. આગામી દિવસોમાં પોલીસતંત્ર વધુ કડક થશે ત્યારે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને વધુ હાલાકી ભોગવવી પડશે. ગાંધીનગરની ઘણી શાળાઓ શહેરની મુખ્ય માર્ગોની આસપાસ જ આવેલી છે. જેમાં બહારગામના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે. જેઓ અવરજવર માટે ખાનગી વાહનોનો ઉપયોગ કરતા હોઈ તેઓ આ સમગ્ર અઠવાડિયા દરમ્યાન હેરાન થશે. વળી ઘણા વિદ્યાર્થીઓને આ સમયગાળા દરમ્યાન જ પરીક્ષાઓ હોઈ તેઓ રજા પણ રાખી શકે તેમ નથી. આ પરિસ્થિતિને લઈ વાલીઓમાં કચવાટ ઉભો થયો છે.

## જય અંબે પરિવાર દ્વારા અન્નકૂટ મહોત્સવ



ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા જગદંબાના પ્રાગટય દિન પોષી પૂનમ નિમિત્તે સેક્ટર-૧૩-બી ખાતે શકિત ચોકમાં શતક ભોગ અન્નકૂટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પરિવારના રજત જયંતિ મહોત્સવના સ્વયં સેવકો, સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો, શ્રેષ્ઠ નર્વાણમંત્ર લેખન કરનાર માઈભકતો વગેરેને સ્મૃતિચિહ્નો આપી સન્માનવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનામો દાતાઓના હસ્તે આપી પુરસ્કૃત કરાયા હતાં. આ પ્રસંગે અલોહા નીમ્બસ એકેડમીના બીજા ત્રીજા ધોરણમાં ભણતાં ભૂલકાઓ દ્વારા અઘરા ગાણિતિક કોયડાઓને પળભરમાં ઉકેલવાની જુદી જુદી પધ્ધતિઓ રજુ કરવામાં આવી હતી. મા જગદંબાના અન્નકૂટમાં પરિવારની બહેનો દ્વારા ત્રણ દિવસની અથાગ મહેનત દ્વારા વિવિધ મીઠાઈઓ, ફરસાણ, શાકભાજી અને અથાણા મળીને કુલ ૧૧ વાનગીઓ બનાવાઈ હતી. આ પ્રસંગે રજત જયંતિ સ્મરણિકાનું વિમોચન કરાયું હતું અને આનંદનો ગરબો યોજવામાં આવ્યો હતો.

## ગાંધીનગર જિલ્લાના સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતના સમસ્ત વૈષ્ણવ વણિક પરીવારના ગાંધીનગર ઘટક દ્વારા તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે સ્નેહમિલન યોજવામાં આવ્યું છે. સ્નેહમિલનમાં ગાંધીનગર જિલ્લા અને શહેર સહિત, દહેગામ અને કલોલ તાલુકાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સ્નેહમિલન ગાંધીનગર-માણસા હાઈવે પર રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે યોજવામાં આવ્યુંછે. સ્નેહમિલન સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે.

આ સ્નેહમિલનમાં ગાંધીનગર જિલ્લાના એસવીવીપી ના તમામ સભ્યો અને જે સભ્યો બન્યા ના હોય તેવા વૈષ્ણવ વણિક પરિવારને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં હાસ્ય દરબાર અને જાદુના પ્રયોગો જેવા મનોરંજક કાર્યક્રમો સાથે સંગઠનનો હેતુ, કાર્યો અને આગામી કાર્યક્રમો અંગે ગુજરાત કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ભોજન સાથેના આ સ્નેહમિલન સમારોહમાં સંગઠનને મજબૂત બનાવવા ગાંધીનગર શહેર અને જિલ્લાના વૈષ્ણવ વણિકો સહપરિવાર મોટી સંખ્યામાં ભાગ લે તે માટે એસવીવીપીના ગાંધીનગર એકમના પ્રમુખ જશવંત ગાંધી, જિલ્લા પ્રમુખ પ્રકાશ એચ. શાહ, કલોલ તથા દહેગામના પ્રમુખ અનુક્રમે રમેશભાઈ કોઠારી અને પિયુષભાઈ શાહ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સમારોહમાં ભોજન માટે પાંચ વર્ષથી ઉપરની દરેક વ્યકિત દીઠ રૂ. ૩૦ રાખવામાં આવ્યા છે. જેના પાસ તા. ૧૦મી જાન્યુઆરી સુધીમાં પ્રકાશભાઈ એચ. શાહ, ડૉ. પ્રદીપ ગગલાણી, વલ્લભ દેસાઈ, જયેન્દ્ર પરીખ, ચેતન શાહ અથવા પરેશભાઈ બી. શાહનો સંપર્ક કરી મેળવી લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાઈબ્રન્ટ રૂટ પરથી દેવી દેવતાની ડેરીઓ દૂર કરાઈ

## દબાણમાં ઉભી કરેલી ડેરીઓ પર રાતોરાત બુલડોઝર ફરી વળ્યુ

ગાંધીનગર, તા. ૫

વીવીઆઈપી માટે વાઈબ્રન્ટનો આખો રૂટ દુલ્હનની જેમ સજાવી દેવામાં આવ્યો છે. અને આસપાસની ઝાડીઓમાં સિક્યુરીટી પર્પઝથી હેલોઝન થોડાથોડા અંતરે ફીટ કરી દેવાયા છે. તે ઉપરાંત આ રૂટ પર દબાણમાં ઉભા કરેલા નાના-નાના મંદિરો (ડેરીઓ) પણ રાતોરાત તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા છે.


અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીના સમગ્ર રૂટને હાઈ સિક્યુરીટી ઝોન બનાવી દેવામાં આવ્યો છે. આ વાઈબ્રન્ટ રૂટ પર એક પણ સલામતી અંતર્ગત છીંડુ ન રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ત્યારે હવે તો દેવી-દેવતાઓ પણ વીવીઆઈપીઓ માટે ખતરારૂપ હોય તેમ આખા રૂટ પર દબાણયુક્ત દેવી દેવતાઓની નાની-મોટી ડેરીઓ હટાવી લેવાઈ છે. રાતોરાત તંત્રનું બુલડોઝર દબાણયુક્ત ડેરીઓ પર ફરી વળ્યુ હતુ અને વાઈબ્રન્ટ રૂટ ઉપરાંત વિવિધ પાર્કીંગ પ્લેસની આસપાસની આવી નાની-મોટી ડેરીઓ હટાવી લેવામાં આવી છે.

# વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ત્રણ મોબાઈલ ટાવર ઑન વ્હીલ ફરશે

## મુલાકાતીઓના ધસારાથી મોબાઈલ નેટવર્ક જામ ન થઈ જાય તે માટે ટાવર ફરતા રહેશે

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન મહાત્મા મંદિર તથા એક્ઝીબેશન સેન્ટર ખાતે લાખો મુલાકાતીઓની અવર-જવર રહેશે. જેને પગલે મોબાઈલ નેટવર્ક જામ થઈ જવાની શક્યતા વધી જતાં તે સમયે કોઈ નેટવર્ક સંબંધીત તકલીફો ઉભી ન થાય તે માટે વિવિધ ત્રણ મોબાઈલ નેટવર્ક કંપનીઓ દ્વારા મોબાઈલ ટાવર 'ઑન વ્હીલ' તૈયાર કરી આ વિસ્તારમાં ફેરવવામાં આવશે.

વાઈબ્રન્ટ દરમ્યાન સેક્ટર-૧૭ એકઝીબીશન સેન્ટર ખાતે મુલાકાતીઓનો સૌથી વધુ ધસારો રહેશે. સરકારને આ કાર્યક્રમમાં ૨૦ લાખથી વધુ મુલાકાતીઓના આવવાનો અંદાજ છે. મોટી સંખ્યામાં મુલાકાતીઓ સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન અવર-જવર કરશે. તેવા ટાર્ગેટને પગલે મોબાઈલ ટાવર કંપની દ્વારા નેટવર્ક સંબંધીત તકલીફો ન પડે તેને લઈ ત્રણ મુવેબલ ટાવર ફરતા કરવાનો નિર્ણય લેવાયો છે. ત્રણ વિવિધ કંપનીઓના મોબાઈલ ટાવર વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન મહાત્મા મંદિરથી એક્ઝીબીશન સેન્ટર ખાતે ફરતા રહેશે.



સમસ્ત ગુજરાત નાગર પરિષદનો ૧૮મો જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનેથી ગાંધીનગરના ખ્યાતનામ વકીલશ્રી અતુલભાઈ કે. પંડ્યાના પ્રમુખસ્થાને યોજાયો હતો. તસવીરમાં ઉપપ્રમુખ સુભાષભાઈ ભટ્ટ, ઉપપ્રમુખશ્રી નરેશભાઈ રાજા, ચેરમેન અરૂણભાઈ બુચ દશ્યમાન થાય છે. પ્રમુખસ્થાનેશ્રી અતુલભાઈ પંડ્યા પ્રવચન આપી રહ્યા છે. જ્યારે બીજી તસવીરમાં નાગર પરિષદના ઉપપ્રમુખ શ્રી સુભાષભાઈ ભટ્ટ, વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરના મહામંત્રીશ્રી મહેશભાઈ ડી. રાવલને જ્ઞાતિ ગૌરવનો મોમેન્ટો આપી સન્માન કરી રહ્યા છે. જીવનસાથી પસંદગી મેળામાં ૫૦૦ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૪**
**સૂર્યાસ્ત : ૬.૦૭**

## તાપમાન

**મહત્તમ : ૨૫.૬ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૧.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૮૮ ટકા ● સાંજે ૩૯ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :**
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**: સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

## આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

## ચિરવિદાય

- સ્વ. સુરેશચંદ્ર પરસોત્તમ વ્યાસ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૭૩૮/૧, સેક્ટર-૨૯, ગાંધીનગર
- સ્વ. જસુબેન કાન્તીલાલ પટેલ (ઉ.વ.૯૧) ૯/૨૪, સીમંધર સીટી, અડાલજ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર શંકાજી સોમાજી (ઉ.વ.૫૨) મુ. માણેકપુર, તા.માણસા, જી. ગાંધીનગર
- સ્વ. નારાયણભાઈ સોમાજી ઠાકોર (ઉ.વ.૪૨) ૪૪૭/૧, સેક્ટર-૧૩એ, ગાંધીનગર
- સ્વ. ડાહ્યાલાલ નાથાલાલ શાહ (ઉ.વ.૮૮) પ્લોટ નં. ૫૧૨/૧, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સ્વ. બેનીબેન મુળજીભાઈ પરમાર (ઉ.વ.૭૬) પ્લોટ નં. ૫૫૮/૨, સેક્ટર-૧૩એ, ગાંધીનગર